સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની ગ્રાન્ટ ઇન એઇડ આશ્રમશાળાઓમાં ધોરણ-૮ નો વર્ગ શરૂ કરેલ હોય ત્યાં શિક્ષકની ૧૭૧ (એકસો ઇકોતેર)જગ્યા ઉભી કરવા અંગેની રૂ.૨૦૫.૨૦લાખની નવી બાબત.**વર્ષ ૨૦૧૬-૧૭**

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃસશપ/૧૦૨૦૧૫/ન.બા.૮૮૬૩૧૩/અ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- 2 9 AUG 2016

વંચાણમાં લીધાઃ-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૨૪/૮/૨૦૧૫ નો ઠરાવ ક્રમાંકઃઅસમ/૧૦૨૦૧૨/મં.૧૦/અ.૧

(૨) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાનો તા. ૧૮/૧૨/૨૦૧૫ નો પત્ર ક્રમાંકઃવિજાક/અમશ/ન.બા./૧૫-૧૬/૫૯૫

પ્રસ્તાવનાઃ-

વિકસતી જાતિના લોકોનો સામાજિક, શૈક્ષણિક તથા આર્થિક રીતે વિકાસ થાય તે હેતુસર સરકારશ્રી ધ્વારા વિવિધ યોજનાઓનો અમલ કરવામાં આવે છે. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના શિક્ષણના વિકાસ માટે નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતા ધ્વારા ગ્રાન્ટ ઇન એઇડના ધોરણે ૧ થી ૭ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે આશ્રમશાળાઓ ચલાવવામાં આવે છે. આ આશ્રમશળાઓમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને એકજ સંકુલમાં અભ્યાસ તેમજ મફત રહેવા જમવાની સગવડ આપવામાં આવે છે. રાજય સરકારશ્રી ધ્વારા ઉપર વંચાણે લીધેલ ક્રમાંક(૧) મુજબ વિભાગના તા. ૨૪/૮/૨૦૧૫ ના ઠરાવથી ધોરણ-૮ નો પ્રાથમિક વિભાગમાં સમાવેશ કરી પ્રાથમિક વિભાગ ધોરણ-૧ થી ૭ ના બદલે ધોરણ-૧ થી ૮ ને મંજુર કરેલ છે. જેથી અનુસૂચિત જાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તથા વિચરતી વિમુકત જાતિની ગ્રાન્ટ ઇન એઇડ આશ્રમશાળાઓમાં પણ ધોરણ ૧ થી ૭ ના બદલે ધોરણ-૮ નો વર્ગ શરૂ કરવા માટે આશ્રમશાળાથી ૩ કિલોમીટર ના અંતરમાં આવેલ પ્રાથમિક શાળામાં બાળકો દાખલ કરી આશ્રમશાળામાં 30 છાત્રોનો વધારો કરવા અને અંતરિયાળ, વિસ્તાર, નિર્જન વિસ્તાર અને નદી-નાળા વાળા વિસ્તારમાં જયાં મોટા હાઇવે રોડ વચ્ચે આવતા હોય ત્યાં નાના બાળકો એકલા જઇ શકે તેમ ન હોય અને સલામતીનો પ્રશ્ન ઉભો થવાની સંભાવના હોય તેવી અંતરીયાળ વિસ્તારની આશ્રમશાળઓમાં ધોરણ-૮ નો વર્ગ શરૂ કરવા વંચાણ હેઠળના આ વિભાગના તા. ૨૪/૮/૨૦૧૫ ના ઠરાવથી મંજૂરી આપવામાં આવેલ હતી.

વિકસતી જાતિ કલ્યાણ ખાતા હસ્તકની સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની કુલ-૧૭૧ ગ્રાન્ટ ઇન એઇડ આશ્રમશાળાઓમાં જયાં ધોરણ-૮ નો વર્ગ શરૂ કરેલ હોય અથવા કરવાનો

થતો હોય ત્યાં આશ્રમશાળા દીઠ એક શિક્ષક મુજબ કુલ-૧૭૧(એકસો ઇકોતેર) વિદ્યાસહાયકોની મંજુર કરવા અંગેની સન ૨૦૧૬-૧૭ ના વર્ષની રૂ. ૨૦૫.૨૦ લાખની નવી બાબતની મંજુરી આપવા વંચાણ હેઠળના ક્રમાંક(૨) પરના નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાના તા. ૧૮/૧૨/૨૦૧૫ ના પત્રથી દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠ રા વઃ-</u>

૧. પુખ્ત વિચારણાના અંતે રાજય સરકાર ધ્વારા ધોરણ-૮ નો પ્રાથમિક વિભાગમાં સમાવેશ કરેલ હોઇ, પ્રાથમિક વિભાગમાં ધોરણ ૧ થી ૭ ના બદલે હવે ધોરણ- ૧ થી ૮ કરેલ છે. જેથી વિકસતી જાતિ કલ્યાણ ખાતા હસ્તકની સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની કુલ-૧૭૧ ગ્રાન્ટ ઇન એઇડ આશ્રમશાળાઓમાં પણ ધોરણ-૮ નો વર્ગ શરૂ કરેલ હોય અથવા કરવાપાત્ર હોય તેવી આશ્રમશાળા દીઠ એક વિદ્યાસહાયક પ્રમાણે કુલ-૧૭૧(એકસો ઇકોતેર) વિદ્યાસહાયકોની જગ્યાઓ રૂ. ૫૨૦૦-૨૦૨૦૦ ગ્રેડ પે રૂ.૨૪૦૦/- ના પગાર ધોરણમાં પ્રવર્તમાન નીતિ અનુસાર માસિક ફીકસ પગારથી ઉભી કરવા અંગેની સન ૨૦૧૬-૧૭ ના વર્ષની રૂ. ૨૦૫.૨૦( અંકે રૂપિયા બસો પાંચ લાખ વીસ હજાર પુરા) લાખની નવી બાબતને નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

(૧) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઇ અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધિન આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનો ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો વખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે

(૫) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરંડર કરવાની રહેશ.

(૬) વર્ગ-૩ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઇઓ મુજબ, જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણાં વિભાગના તા. ૧૬/૨/૨૦૦૬ ના ઠરાવ ક્રમાંકઃખરચ/૨૦૦૨/૫૭/ઝ.૧ અને સામાન્ય વહીવટ વિભાગના તા. ૪/૬/૨૦૦૯ના ઠરાવ ક્રમાંકઃસીઆરઆર/૧૧૨૦૦૮/૪૩૩/૭૧૭/ગ.૫ થી અમલી બનેલ ફીકસ પગારની નીતિ અને તેમાં વખતોવખત થયેલ સુધારાઓની જોગવાઇઓ પ્રમાણે ભરવાની રહેશે.

(૭) આ જગ્યાઓ પ્રવર્તમાન ભરતી નિયમોની જોગવાઇ અનુસાર ભરવાની રહેશે.અને ફાજલ શિક્ષકો ઉપલબ્ધ હોય તો પ્રથમ તેમને તક આપવાની રહેશે.

(૮) આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.

(૯) આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન પરીક્ષા નિયમો અને નિયત ભરતી પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

(૧૦) કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/ લાયકાત ધરાવાતા હોવા જોઇશે.

(૧૧) રાજય સરકાર દ્વારા વખતોવખત નિયત કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૧૨) નવી મંજૂર કરેલ જગ્યાઓ જે તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યઓ વખતો વખત ચાલુ રાખવાની જગ્યાઓ લંબાવવાની થાય તો દરખાસ્તની મુદત પૂરી થતાં પહેલાંના એક માસ અગાઉ નાણાકીય સલાહકારશ્રીને રજુ કરી જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજુરી મેળવી લેવાની રહેશે.

૨. આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંકઃ૯૨, મુખ્ય સદર-૨૨૨૫ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જન જાતિ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર-૦૩ પછાત વર્ગોનું કલ્યાણ, ૨૭૭-શિક્ષણ, બીસીકે-૯૪ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની આશ્રમશાળાઓ હેઠળ ઉધારવાનો રહેશે.

૩. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા. ૯/૮/૨૦૧૬ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( ભાવિન પટેલ )
ઉપ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારીત વિભાગ.

પ્રતિ,
નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

<u>નકલ રવાનાઃ-</u>

- મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, સા.ન્યા.અને અધિ.વિ.ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.(નિયામકશ્રી(વિ.જા.ક.) મારફત)
- સર્વે જિલ્લા નાયબ નિયામકશ્રી(વિ.જા)/સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ(વિ.જા.)
  (નિયામકશ્રી(વિ.જા.ક.) મારફત)
- નાણાં સલાહકારશ્રી, (સા.ન્યા.અને અધિ.વિ.) સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(આ.બા.) ના અંગત સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી,ગ, બ અને કોમ્પ્યુટર સેલ-શાખા, સા.ન્યા.અને અધિ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેકટ ફાઇલ.